B A O U

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોતિર્મય" પરિસર,
સરખેજ ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ – 382481.
E-mail: feedback@baou.edu.in
Website : www.baou.edu.in

સત્રીયકાર્ય ઓગસ્ટ-2021

BCFAC - 103

અભ્યાસકેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ

28/02/2022

પ્રિય વિદ્યાર્થી મિત્ર,

બી.એ./બી.કોમ/બી.એડ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા બદલ આપને અમારા વતી ખૂબ ખૂબ અભિનંદન.આપ દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસ કરી રહ્યા છો જેમાં આપની ઉપર અધ્યાપકનું કોઈ અંકુશ નથી.આ પદ્ધતિમાં આપને સ્વયમ અનુશાસન અપનાવવું જરૂરી છે.આપને આપના વિષયની ક્રેડિટ અનુસાર આ વિષયમાં દૈનિક ૨ કલાક સમય ફાળવવો આવશ્યક છે.

સ્વાધ્યાયકાર્યનું ફોર્મેટ એ આપની સત્રાંત પરીક્ષાના ફોર્મેટ પ્રમાણે જ રાખવામાં આવેલ છે,જેથી પરીક્ષાની તૈયારી અર્થે યોગ્ય સમજ માટે સ્વાધ્યાયકાર્ય ખૂબ ઉપયોગી છે.સ્વાધ્યાયકાર્યોમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ આપને મળેલી અભ્યાસ-સામગ્રીમાંથી સીધા જ કોપી કરવાના નથી,આપ જે વાંચન કરો છો, જે સમજો છો, તે આપની પોતાની ભાષામાં લખવાનું રહેશે.

સ્વાધ્યાયકાર્યનું પુનઃમૂલ્યાંકન થતું નથી જો કોઈ વિષયના સ્વાધ્યાયકાર્યમાં ઓછા ગુણ હોય તો ફરીથી લખેલું સ્વાધ્યાયકાર્ય સ્વીકારવામાં આવશે નહિ જેથી આપ પ્રથમ વખતે જ વ્યવસ્થિત જવાબો લખી જમા કરાવશો જેથી સારામાં સારા ગુણ મેળવી શકશો અને ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરી શકશો.

ખૂબ ખૂબ શુભકામનાઓ સહ,

સ્વાધ્યાયકાર્ય વિભાગ

અગત્યની સૂચનાઓ

સમય મર્યાદામાં આપે સ્વાધ્યાયકાર્ય લખી જમા કરાવવું જરૂરી છે.

સ્વાધ્યાયકાર્ય જમા કરાવતી વખતે તેની રસીદ લેવી ફરજીયાત છે.જેથી ભવિષ્યમાં સ્વાધ્યાયકાર્યને લગતી કોઈ પૂછપરછ કરવી હોય તેના ઉકેલમાં રસીદ રજૂ કરી શકાય.

તમારા ચેક થઇ ગયેલા સ્વાધ્યાયકાર્ય તમારી સત્રાંત પરીક્ષા પહેલા જ કેન્દ્ર પર રસીદ બતાવી પરત લેવા જેથી પરીક્ષાના વાંચન અર્થે પણ તેને ઉપયોગમાં લઇ શકાય.

બી.એ./બી.કોમ. અભ્યાસક્રમના સ્વાધ્યાયકાર્યમાં પાસ થવા માટે ૧૧ ગુણ લાવવા જરૂરી છે,જો તેનાથી ઓછા ગુણ હોય તો તે સ્વાધ્યાયકાર્યમાં વિદ્યાર્થી નાપાસ માનવામાં આવશે અને તે સ્વાધ્યાયકાર્ય નવા સત્રનું મેળવીને ફરીથી લખવાનું રહેશે.

સ્વાધ્યાયકાર્યના ગુણ વગર ફાઇનલ માર્કશીટ મેળવી શકાશે નહીં

લખેલા સ્વાધ્યાયકાર્ય જમા કરાવતી વખતે તેની સાથે સ્વાધ્યાયકાર્યનું પ્રશ્નપત્ર ફરજીયાત જોડવું.

આ પછીનું પેજ વિદ્યાર્થીએ પ્રિન્ટ કાઢી તેમાં માંગેલ માહિતી ભરી લખેલા સ્વાધ્યાયકાર્યના પ્રથમ પેજ ઉપર લગાવવું.

ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

અભ્યાસક્રમનું નામ :

પાઠ્યક્રમનું નામ :

નોંધણી નંબર : _____ અભ્યાસકેન્દ્રનું નામ :_____

નામ :_____ અભ્યાસકેન્દ્ર કોડ નં :_____

સરનામું :_____

_____

_____

મોબાઈલ નંબર :_____

ઈમેલ :_____

વિદ્યાર્થીની સહી :_____

તારીખ :_____

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

પાઠ્યક્રમ કોડ: BCFAC - 103 નાણાકીય હિસાબી પદ્ધત

પાઠ્યક્રમ : F.Y. B.COM

(તમામ પાઠ્યસામગ્રી પર આધારિત)

વિભાગ ક

નીચેના પ્રશ્નોના જવાબ લખો. **(૫*૨) = ૧૦**

અ. ભાગીદરી પેઢીનું સંયોજન. (ટૂંકનોંધ લખો.)

બ. તેજલ અને સેજલ એક પેઢીમાં ભાગીદારો છે. તેઓએ તેમની પેઢીનું લોપામુદ્રા લિમિટેડ સાથે સંયોજન કરવાનુંતા.૧-૧-૧૯૯૬ ના રોજ નક્કી કર્યું. તેજલ અને સેજલ ૩:૨ ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા હતા. તેઓની તે વખતની સ્થિતિ નીચે મુજબ હતી.

દેવાં	રૂ.	મિલકતો		રૂ.
<u>મૂડી ખાતા:</u>		મકાન		૨૫,૦૦૦
તેજલ	૨૫,૦૦૦	ફર્નિચર		૮,૭૫૦
સેજલ	૧૮,૭૫૦	સ્ટોક		૧૦,૬૨૫
લેણદારો	૧૨,૫૦૦	દેવાદરો	૧૮,૭૫૦	
નફોનુકસાન ખાતું	૬,૨૫૦	ઘ. અનામત	<u>૬૨૫</u>	૧૮,૧૨૫
	૬૨,૫૦૦			૬૨,૫૦૦

સંયોજન અંગેની શરતો નીચે મુજબ છે.

૧) પાઘડી રૂ. ૯,૩૭૫ નક્કી થઈ.

૨) મકાન રૂ. ૩૦,૬૨૫ અને સ્ટોક રૂ. ૯,૩૭૫ ની કિંમતે આંકવમાં આવ્યાં.

૩) નવી પેઢી ફર્નિચર લેતી નથી.

૪) દેવાદારો પર ઘાલખાધ અનામત ૨૦% સુધી વધારવી.

૫) લોપામુદ્રા લિમિટેડે ખરીદ કિંમત પેટે ૩૦૦૦ ઇક્વિટી શેર દરેક રૂ.૧૦ નો તેવા અને બાકીની રકમ રોકડમાં ચૂકવી.

તેજલ અને સેજલની પેઢીના ચોપડે સંયોજન માટેની આમનોંધ લખો. સંયોજન પછીનું નવી કંપનીનું પાકુંસરવૈયું બનાવો.

વિભાગ ખ

નીચેના પ્રશ્નોના જવાબ લખો. **(૫*૨) = ૧૦**

અ. જનક લિમિટેડે તા.૧/૭/૨૦૧૭ના રોજ ભાગીદારી પેઢીનો ધંધો ખરીદ્યો પેઢીનું તા.૩૦/૦૬/૨૦૧૭ના રોજનું પાકુંસરવૈયું નીચે મુજબ હતું.

મૂડી-દેવા		રૂ.	મિલકતો-લેણા	રૂ.
મૂડી:	X ભાગીદાર = ૩૦,૦૦૦		જમીન-મકાન	૩૫,૦૦૦
	Y ભાગીદાર = <u>૨૦,૦૦૦</u>	૫૦,૦૦૦	યંત્રો	૨૫,૦૦૦
સામાન્ય અનામત		૨૦,૦૦૦	સ્ટોક	૧૫,૦૦૦
લેણદારો		૨૫,૦૦૦	દેવાદારો	૧૨,૫૦૦
દેવીહૂંડી		૫,૦૦૦	લેણીહૂંડી	૫,૦૦૦
			રોકાણો	૫,૦૦૦
			બેંક અને રોકડ	૨,૫૦૦
		૧,૦૦,૦૦૦		૧,૦૦,૦૦૦

કંપનીએ નીચેની શરતે ધંધો ખરીદી લીધો.

૧) પેઢીની તમામ મિલકતો અને દેવા સ્વીકર્યો.

૨) સ્થિર મિલકતોની કિંમત ચોપડે કિંમત કરતાં ૨૦% વધુ ગણી તથા ચાલુ મિલકતો ચોપડે દર્શાવેલ કિંમતે જ ગણી.

૩) કંપનીએ ખરીદકિંમત રૂ.૯૦,૦૦૦ નીચે મુજબ આપી. ૫૦૦ ઈક્વિ.શેર રૂ.૧૦૦નો ૧૦% પ્રીમિયમથી અને બાકીની રકમ ચેકથી ચૂકવી આપી.

જનક લિમિટેડના ચોપડામાં ધંધાની ખરીદી અંગેની આમનોંધો આપો.

બ. પેઢીનું વિસર્જન થતાં ભાગીદરો વચ્ચે રોકડની હપતે હપતે થતી વહેંચણી સમજાવો.

વિભાગ ગ

અ. ટૂંકા પ્રશ્નોના જવાબ આપો. **(૫*૧= ૫)**

૧. આડતમાલ એટલે શું?

૨. આડત પર મોકલેલ માલખાતું બનાવો.

૩. વેચાણ આંકડો એટલે શું?

૪. આડતમાલનુ એક લક્ષણ જણાવો.

૫. વેચાણ પર લેણું થયેલ કમિશનની આમનોંધ લખો.

બ. નીચે આપેલ વિકલ્પ માંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરી જવાબ લખો. **(૫*૧= ૫)**

૧. પ્રીમિયમે મહેસૂલી ખર્ચ ગણવામાં આવે ત્યારે ભરેલા પ્રીમિયમે કયા ખાતે ઉધારવામાં આવે છે?

(A) પોલિસી ખાતે (B) પ્રીમિયમ ખાતે (C) ન.નુ. ખાતે (D) વેપાર ખાતે

૨. સંયુક્ત જીવન વીમા પોલિસીના પ્રીમિયમના હિસાબો લખવાની કેટલી રીત છે?

(A) ૨ (B) ૩ (C) ૪ (D) ૫

૩. ખરીદનાર કંપની ખરીદકિંમત ચૂકવે ત્યારે ..... ખાતે ઉધારશે.

(A) વેચનાર પેઢી ખાતે (B) મિલકતો ખાતે (C) ધંધાની ખરીદી ખાતે (D) એકપણ નહીં

૪. જો ચોખ્ખી મિલકત, ખરીદકિંમત કરતાં વધારે હોય તો તફાવતની રકમ ..... ગણાશે.

(A) પાઘડી (B) સામાન્ય અનામત (C) મૂડી અનામત (D) મૂડી

૫. સંયુક્ત જીવન વીમા પોલિસી અનામત ખાતા દ્વારા પોલિસી શરણમૂલ્ય કિંમતે દર્શાવેલ ત્યારે ભરેલ પ્રીમિયમ કયા ખાતે ઉધારેલ છે?

(A) પ્રીમિયમ ખાતે (B) ન.નુ. ખાતે (C) વેપાર માટે (D) પોલિસી ખાતે